અસલમાં પરત કરવું

**NON TRANSFERABLE**

# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી

*વિસત ૩ રસ્તા પાસે, સાબરમતી-કોબા હાઈવે, ચાંદખેડા, અમદાવાદ - ૩૮૨૪૨૪.*

ESTD - 2007

## ટેન્ડર નંબર - ૦૭/૧૬-૧૭

પ્રતિ,

______________________________

______________________________

______________________________

**ટેન્ડરનું નામ : PP Wooven Fabric Laminated કાપડના થેલાનું ટેન્ડર**

ટેન્ડર ફી રૂા. ૧૫૦૦/-

પહોંચ નંબર :

તારીખ :

## ટેન્ડરની શરતો

(૧) ટેન્ડર સીલબંધ કવરમાં કવર ઉપર “PP Wooven Fabric Laminated કાપડના થેલાનું ટેન્ડર” પ્રતિ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, વિસત ૩ રસ્તા પાસે, સાબરમતી-કોબા હાઈવે, ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૪૨૪ એમ લખી સીલબંધ ટેન્ડર કવર ફક્ત સ્પીડ પોસ્ટ/રજીસ્ટરએડી તથા કુરીયર દ્વારા મોડામાં મોડા તા. ૦૭/૧૦/૨૦૧૬ ના રોજ કચેરી સમય દરમ્યાન મળી જાય તે રીતે મોકલવાનું રહેશે. (રૂબરૂમાં સ્વીકારવામાં આવશે નહી.)

(૨) ટેન્ડર સાથે EMD પેટે રૂા. ૯,૦૦૦/- (અંકે રૂપિયા નવ હજાર પુરા) નો ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદના નામ જોગ ડિમાન્ડ ડ્રાફ્ટ સામેલ કરવાનો રહેશે.

(૩) મળેલ ટેન્ડરના સીલબંધ કવર તા. ૧૦/૧૦/૨૦૧૬ ના રોજ બપોરે ૧૫-૦૦ કલાકે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની કચેરી, અમદાવાદ ખાતે ખોલવામાં આવશે. જે એજન્સી / ઠેકેદારનું ટેન્ડર ના મંજૂર રહેશે તેની EMD પરત કરવામાં આવશે.

(૪) ટેન્ડરમાં ભાવ યુનિવર્સિટીએ નિયત કરેલ પત્રકમાં માંગેલ સાઈઝ અને પ્રકાર મુજબ જ દર્શાવવાના રહેશે. નિયત કરેલ પત્રકમાં ભાવ દર્શાવેલ નહિ હોય તો ટેન્ડર માન્ય ગણવામાં આવશે નહી.

(૫) કોઈપણ ટેન્ડર સ્વીકારવું કે અસ્વીકાર કરવો કે અંશતઃ સ્વીકારવું તે બાબતો સંપૂર્ણ અબાધિત અધિકાર યુનિવર્સિટીનો રહેશે.

(૬) ટેન્ડર પત્રકમાં દર્શાવેલ આઈટમના નમૂના ફકત સાઈઝ અને ડીઝાઈનના હેતુ સર અત્રેની કચેરી ખાતે કામકાજના દિવસોમાં કચેરી સમય દરમ્યાન જોવા મળશે.

(૭) ટેન્ડરમાં ભાવ તમામ પ્રકારના વેરા, VAT, ઓક્ટ્રોય કે ટ્રાન્સપોર્ટ ચાર્જ, પેકિંગ ચાર્જ કે અન્ય કોઈપણ ખર્ચ યુનિવર્સિટી ખાતેની કચેરીએ રૂબરૂ પહોંચાડવા સહિતના રહેશે. એટલે કે દર્શાવેલ ભાવ ઉપરાંત અલગ કોઈ પણ ચાર્જ આપવામાં આવશે નહિં.

(૮) જે પેઢીનું ટેન્ડર મંજૂર રાખવામાં આવશે તે પેઢીએ રૂા. ૧૦૦/- ના નોન જ્યુ. સ્ટેમ્પ પેપર ઉપર યુનિવર્સિટી સાથે કરાર કરવાનો રહેશે અને મંજૂર થયેલ ભાવો કરારની તારીખથી ૧ વર્ષ સુધી અમલમાં રહેશે. યુનિવર્સિટીને યોગ્ય જણાશે તો, ઉભયપક્ષે સંમતિથી ટેન્ડરની મુદતમાં વધારો કરી શકાશે.

(૯) યુનિવર્સિટી તરફથી ઓર્ડર મળ્યે દિન ૨૦ માં અગર યુનિવર્સિટીની આકસ્મીક જરૂરીયાતના સંજોગોમાં સપ્લાય ઓર્ડર મુજબ તાત્કાલીક માલ યુનિવર્સિટીની કચેરી ખાતે એક જ જથ્થામાં તમારા ખર્ચે રૂબરૂ પહોંચતો કરવાનો રહેશે. તૂટક તૂટક મોકલવામાં આવેલ માલ કોઈ પણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિં તેમજ ઓર્ડર પ્રમાણે સંપૂર્ણ માલ મળ્યા બાદ જ બિલનું ચૂકવણું કરવામાં આવશે.

(પાછળ)

## ટેન્ડર નંબર - ૦૭/૧૬-૧૭

(૧૦) જેમનું ટેન્ડર મંજૂર કરવામાં આવશે તેમને યુનિવર્સિટીની કચેરીએ મંજૂર કરેલ નમૂના પ્રમાણે જ માલ ઓર્ડરમાં દર્શાવેલ જરૂરી જથ્થો સમય મર્યાદામાં પૂરો પાડવાનો રહેશે. નમુનાથી સહેજ પણ જુદો પડતો કે અપૂરતો માલ સ્વીકારવામાં આવશે નહી અને બિલના નાણાનું ચૂકવણુ કરવામાં આવશે નહી. આ બાબતે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિં. તેમજ માલ નહિ સ્વીકારવાને કારણે તેમજ સમય મર્યાદામાં માલ નહિં મળવાને કારણે સદરહુ માલ અન્ય પાર્ટી પાસેથી મેળવવા માટે વધારાનું જે ખર્ચ થશે તે તમામ ખર્ચ પણ ઈજારદાર પાસેથી વસુલ કરવામાં આવશે.

(૧૧) અધૂરા/અસ્પષ્ટ/શરતી કે નિયત સમય મર્યાદા બાદ આવેલા ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહી કે તે અંગેના કારણો ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૧૨) ઓડિટ સમયે એમ માલૂમ પડશે કે નિયત રકમથી વધુ રકમનું ચુકવણું થયેલ છે તો તેવા સંજોગોમાં ઓડિટની શરતોને આધિન રહીને તેવી રકમ પરત કરવાની રહેશે.

(૧૩) ટેન્ડરમાં દર્શાવેલ આઈટમની ગુણવત્તા તથા ભાવ બન્ને ધ્યાને લઈ કમીટીના નિર્ણય મુજબ સ્વીકારવામાં આવેલ આઈટમનો ઓર્ડર જે તે ટેન્ડરરને કરવામાં આવેશે. ફક્ત લઘુત્તમ ભાવના આધારે ટેન્ડર પાસ કરવામાં આવશે નહી. આ બાબતે કમીટીનો નિર્ણય આખરી રહેશે તથા સર્વે ટેન્ડરરને બંધન કરતા રહશે.

(૧૪) માલનું બિલ બે નકલમાં ઓર્ડર ફોર્મની કોપી અને એડવાન્સ રીસીપ્ટ સાથે રજિસ્ટ્રારશ્રી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદના નામજોગ મોકલવાનુ રહેશે.

(૧૫) ભાવપત્રક સાથે જે તે આઈટમના નિયત નમૂના ફરજિયાત મોકલવાના રહેશે. નમૂના વગરનું ભાવપત્રક કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી અને દફતરે કરવામાં આવશે. ભાવપત્રક, શરતો તથા નમૂના ઉપર સંબંધીત પાર્ટીના સહી સિક્કા અચૂક કરવાના રહેશે.

(૧૬) ઉપરોક્ત શરતો સિવાય યુનિવર્સિટીની વખતોવખત જે કાંઈ શરતો રહેશે તે સ્વીકારવાની રહેશે.

(૧૭) ટેન્ડર ભરનાર પાર્ટીનો ટેન્ડર પત્રકમાં દર્શાવેલ આઈટમના ખરીદ વેચાણ/કામગીરી અંગે ઓછામાં ઓછા ૪ વર્ષનો અનુભવ બોર્ડ/યુનિવર્સિટી અથવા સરકારી સંસ્થાઓનો હોવો જરૂરી છે. આ અંગે ટેન્ડર સાથે જરૂરી લાઈસન્સ, સેલ્સટેક્ષ/VAT, નંબર તથા ઈન્કમ ટેક્ષ નંબર (PAN) તથા અનુભવની વિગતો ના જરૂરી પ્રમાણપત્ર વગેરે માહિતી ટેન્ડરમાં રજૂ કરવાની રહેશે. (નકલો સાથે)

(૧૮) જેમનું ભાવપત્રક મંજૂર થશે તેઓએ સિક્યોરીટી ડિપોઝીટ તરીકે રૂા. ૧૫,૦૦૦/- (રૂા. પંદર હજાર પૂરા) અથવા ટેન્ડર વેલ્યુના ૫% બેમાંથી જે વધુ હોય તેનો ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદના નામ જોગ અમદાવાદ ખાતે ચૂકવણીને પાત્ર ડિમાન્ડ ડ્રાફ્ટ સામેલ કરવાનો રહેશે. સિક્યોરીટી ડિપોઝીટની રકમ જમા નહિં કરનારનું ટેન્ડર રદ થવાને પાત્ર બનશે, અને તેની EMD જપ્ત કરવામાં આવશે. સિક્યોરીટી ડિપોઝીટ જમા કરાવ્યા બાદ EMD ની રકમ પરત કરવામાં આવશે.

(૧૯) ટેન્ડરની મુદત દરમ્યાન કોઈપણ પ્રકારનો ભાવવધારો ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૨૦) ટેન્ડરની મુદત દરમ્યાન મંજૂર કરેલ નમૂના મુજબ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ ઓર્ડરનો માલ પૂરો પાડવાનો રહેશે. અને આમ કરવામાં કસૂર/ચૂક થશે તો, કોઈપણ સમયે યુનિવર્સિટી દ્વારા ટેન્ડર રદ કરવામાં આવશે અને સિક્યોરીટી ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે. ઉપરાંત યુનિવર્સિટી દ્વારા મૂળ ઈજારદારના ખર્ચે અને જોખમે (At Risk & Cost) ખરીદી કરવામાં આવશે અને આવી રીતે વધારે ચૂકવેલ નાણાં મૂળ એજન્સી / ઠેકેદાર દ્વારા ભરપાઈ કરી આપવાનાં રહેશે.

(૨૧) જાહેર પરીક્ષાઓની તાકીદની બાબતો ધ્યાનમાં રાખીને યુનિવર્સિટીને યોગ્ય જણાશે તો ટેન્ડરમાં મંજૂર થેયલા ભાવોએ અન્ય એજન્સી / ઠેકેદાર સાથે યુનિવર્સિટી સમાંતર ભાવ કરાર કરી શકશે. તથા આ બાબતે યુનિવર્સિટીનો નિર્ણય આખરી રહેશે.

(૨૨) કોઈપણ વિવાદ અંગે ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે.

(પાછળ)

## ટેન્ડર નંબર - ૦૭ /૧૬-૧૭

(૨૩) ભાવપત્રક / ટેન્ડર ભરતાં પહેલા ટેન્ડરની શરતો અને બોલીઓ વાંચી લેવી તે સાચી રીતે બરાબર સમજ્યા બદલની દરેક પાને ટેન્ડર ભરનાર એજન્સી / ઠેકેદારે સહી કરવાની રહેશે.

(૨૪) થેલા ઉપર "GTU 2016-17" પ્રિન્ટ કરવાનું રહેશે. તેમજ થેલો વાદળી રંગનો રહેશે.

(૨૫) પ્રત્યેક થેલામાં નમુનામાં દર્શાવ્યા મુજબ કુલ ચાર બક્કલપટ્ટા લગાડવાના રહેશે. જે થેલાને નાકા સાથે બંધ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવશે.

(૨૬) થેલાને ઉંચકવા માટે નાકા (હેન્ડલ) ૧૨" ની લંબાઇવાળા રાખવાના રહેશે. અને સપોર્ટ તરીકે પટ્ટા સળંગ આપવાના રહેશે.

(૨૭) થેલાની બહારની સાઈડ એડ્રેસ પોકેટ પ્લાસ્ટિકનું (પારદર્શક) ૩" × ૨" નું લગાવી આપવાનું રહેશે.

(૨૮) થેલાની સાઇડની સિલાઇમાં સારી ગુણવત્તાવાળી મોના નેવારની સાઈડપટ્ટી બહારની સાઈડે લગાવી આપવાની રહેશે.

(૨૯) PP Wooven Fabric Laminated કાપડના થેલાની સિલાઇકામ બે વર્ષ સુધી વિના મૂલ્યે કરી આપવાની રહેશે. ઉપરોક્ત શરતોનો પાલન નહિ કરવામાં આવે તો યુનિવર્સિટીને સિલાઇકામ અંગે જે ખર્ચ થશે તે પાર્ટી પાસેથી વસુલ કરવામાં આવશે.

(૩૦) ટેન્ડરમાં દર્શાવેલ સામગ્રી આ કચેરીની જરૂરિયાત પ્રમાણે જ ખરીદવામાં આવશે.

સ્થળ : અમદાવાદ
તારીખ :

**કુલસચિવ**

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી
વિસત ૩ રસ્તા પાસે, સાબરમતી-કોબા હાઈવે, ચાંદખેડા, અમદાવાદ - ૩૮૨૪૨૪.

## ટેન્ડર નંબર - ૦૭ /૧૬-૧૭

### ટેન્ડરનું નામ : PP Wooven Fabric Laminated કાપડના થેલાનું ટેન્ડર

### ટેન્ડર ભરનારની વિગત

(૧) ટેન્ડર ભરનારનું નામ :

(૨) સરનામું : (૧) કચેરીનું :

(૨) રહેઠાણનું :

(૩) ટેલિફોન નંબર : (અ) કચેરીનો : (બ) રહેઠાણનો : (ક) મોબા. :

(૪) સેલ્સ ટેક્ષ નંબર :

VAT નંબર :

(૫) ઈન્કમટેક્ષ (PAN) નંબર :

(૬) EMD ની વિગત : રકમ રૂા. :

ડી.ડી. નંબર :

તારીખ :

બેંકનું નામ :

(૭) કઈ કઈ સરકારી કે અર્ધસરકારી કચેરી/યુનિવર્સિટી/બોર્ડમાં માલ સપ્લાય કરવામાં આવેલ છે તેનું નામ અને સરનામું (પ્રમાણપત્ર સામેલ કરવા) (અનુભવની વિગતો) :

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી
વિસત ૩ રસ્તા પાસે, સાબરમતી-કોબા હાઈવે, ચાંદખેડા, અમદાવાદ - ૩૮૨૪૨૪.

# ટેન્ડર નંબર - ૦૭ /૧૬-૧૭

## ભાવ પત્રક

## PP Wooven Fabric Laminated કાપડના થેલાનું ટેન્ડર

| ક્રમ | આઈટમ | સાઈઝ | વિગત | અંદાજીત જથ્થો | ભાવ (પ્રતિ નંગ) |
|---|---|---|---|---|---|
| ૧ | PP Wooven Fabric Laminated With Non Wooven and LDPE Fabric ના ભારે થેલા, સારી ગુણવત્તાવાળી મોના નેવારની સાઈડપટ્ટી સાથેના કાપડના થેલા | ૧૮"× ૧૫"× ૧૩" | હેન્ડલ : ૧૨" લંબાઈના સપોર્ટ તરીકે સળંગ પટ્ટા, સાઈડ ઉપર ૩"× ૨" નું પ્લાસ્ટિક પોકેટ કલર : વાદળી, નમૂના મુજબના ચાર બક્કલ પટ્ટા થેલા ઉપર "GTU 2016-17" પ્રિન્ટ કરવાનું રહેશે. વજન : ૩૫૦ ગ્રામ, ± ૫% | ૩૦૦૦ | |

**બાંહેધરી**

ઉપરોક્ત ભાવો તમામ પ્રકારના કરવેરા, કાર્ટિંગ, મજૂરી સહીતના યુનિવર્સિટી સુધી પહોંચતા કરવા સુધીના છે. (અર્થાત ટેન્ડરમાં દર્શાવેલ ભાવ સિવાયનો અન્ય કોઈ પણ પ્રકારનો ખર્ચ મળવાપાત્ર થશે નહિં.) ભાવપત્રકની તમામ શરતો મેં વાંચી છે, સમજ્યો છું અને તે કબુલ મંજૂર તથા બંધનકર્તા છે. ઉપરાંત સદર ભાવે હું ટેન્ડર મંજૂર થયેથી ૧ વર્ષ માટે અથવા ટેન્ડરની મુદતમાં વધારો થાય તો, ત્યાં સુધી માલ આપવા બંધાઉ છું.

**સ્થળ :**

**તારીખ :**

**ભાવ ભરનાર પાર્ટીનું નામ અને વાચ્ય સહી**
**(રબ્બર સ્ટેમ્પ સાથે)**